## સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

આદ્યસ્થાપક : ગુરુદેવ પ.પૂ.બાપજી | પ્રેરક : ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી

# મહિમા વર્ષ

૨૦૨૧-૨૨

ઉપક્રમે

## સપ્ટેમ્બર

# દાસત્વભાવ માસ

## Family Time સભા - 3

## કાર્યક્રમ મટીરીયલ

## ❖ Family Time સભા ક્યારે અને કેવી રીતે કરવી ?

ઘરના સૌ સભ્યો ભેગા થઈ શકે તે મુજબ ગુરુવારના દિવસે Family Time સભાનું આયોજન કરવું અને Family Time સભા માટે સમય નક્કી કરવો અને તે મુજબ સભા કરવી.

નોંધ :- જે સેન્ટરમાં અઠવાડિક સભા ગુરુવારના રોજ થતી હોય તેવા સેન્ટરના હરિભક્તોએ શુક્રવારે Family Time સભાનું આયોજન કરવું.

- નાનાએ વડીલોને ચરણસ્પર્શ કરી તથા વડીલોએ નાનાને બે હાથ જોડી નમસ્કાર કરી સભામાં બેસવું.
- "ઘર એક મંદિર" હોવાથી ઘરમાં અનુકૂળ સ્થળે સભા કરી શકાય.
- સભાને અંતે સૌએ એકબીજાને હાથ જોડી અરસપરસ 'દયાળુ રાજી રહેજો' એવી સાચા ભાવે પ્રાર્થના કરવી.
- મહિલા-પુરુષ સભ્યોએ મર્યાદા રાખીને બેસવું.

: વર્ષ : ૨૦૨૨

: માસ : સપ્ટેમ્બર

સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

# મહિમા વર્ષ

ઉપક્રમે

## દાસત્વભાવ માસ

આ માસમાં અમલમાં મૂકવાના PLના મુદ્દા

મંદિરમાં કે ઘરમાં નીચી ટેલની સેવા કરવી.
(ચરણરજ, પોતું કરવું, બાથરૂમ સાફ કરવા વગેરે)

સૌની આગળ હાથ જોડી, ભલે દયાળુ કહીને સરળ સ્વભાવે વર્તવું.

## ❖ દાસભાવ અંગે શ્રીજીમહારાજ અને મોટાના અભિપ્રાય :

● "ભગવાનનું દાસપણું આવવું એ ઘણું કઠણ છે, કેમ જે ભગવાનના દાસ હોય તેનાં તો એ લક્ષણ છે જે દેહને મિથ્યા જાણે, ને પોતાના આત્માને સત્ય જાણે અને પોતાના જે સ્વામી તેને ભોગવવાના જે પદાર્થ તેને પોતે ભોગવવાને અર્થે ઇચ્છે જ નહિ અને પોતાના સ્વામીનું ગમતું મૂકીને બીજું આચરણ કરે જ નહીં. એવો જે હોય તે હરિનો દાસ કહેવાય અને જે હરિનો દાસ હોય ને દેહ રૂપે વર્તે તે તો પ્રાકૃત ભક્ત કહેવાય."

- ગઢડા પ્રથમનું ૧૪મું વચનામૃત

**"દાસ તણો દાસ થઈ રહેશે જે સત્સંગમાં,**
**ભક્તિ તેની ભલી માનીશ રાચીશ તેના રંગમાં."**

**- ભક્તચિંતામણિ**

● "સત્સંગમાં દાસપણું હોય તે જ ઊંચે દરજ્જે ચઢે છે. જો હુંપણું આવી જાય તો સ્વામિનારાયણ ભગવાન રાજી થાય નહીં. હુંપણું આવે તો જરૂર ભૂંડું કરે. માટે સત્સંગમાં દાસપણું રાખવું. દાસપણું રાખવામાં બહુ સુખ છે. શ્રીજીમહારાજની મોટાઈ જાણીને મહિમાએ સહિત ભક્તિ કરતો જાય તો શું બાકી રહે ! માટે દાસપણું રાખવું." - બાપાશ્રી

● "મહારાજ અને મોટાપુરુષને આપણો જેમ ઉપયોગ કરવો હોય તેમ કરે. એમના ગુલામ થઈને રહેવું. અરે, એના દાસનાય ગુલામ થઈને રહેવું. આપણે આવા થઈએ તો પાતાળમાં પાયા નાંખ્યા કહેવાય, જે ક્યારેય ડગે નહીં." - વ્હાલા ગુરુવર્યપ.પૂ. સ્વામીશ્રી

## ❖ તા. 7 સપ્ટેમ્બર 2022ની સંકલ્પ સભાનું લેશન

1) આ મહિના દરમ્યાન ઘરના તમામ સભ્યોએ દરરોજ સાંજે 15 મિનિટ સાથે બેસવું અને 'દાસ થાવું રે, સૌના દાસ થાવું' કીર્તનનું સમૂહગાન કરવું, મનન કરવું.

2) દરરોજ 15 મિનિટ સાથે બેસો તે દરમ્યાન એક-બે વ્યક્તિના ગુણ ગાવા.

3) કોઈને ટુંકારાથી ન બોલાવો, માનથી બોલાવો. વાણીમાં વિવેક અને મર્યાદા રાખો.

4) દાસત્વ ભક્તિ માટે ઘરમાં ઠાકોરજીના થાળના વાસણ ઉટકવાની, મહારાજને જગાડવાની, જમાડવાની વિગેરે સેવા કરો.



# ❖ દાસત્વપણું દ્રઢ કરવાના ઉપાય

1) રાજીપા સામે દ્રષ્ટિ રાખવી.

2) સર્વેને અધિક સમજવા અને પોતાને ન્યૂન સમજવા.

3) સૌમાં શ્રીજીમહારાજના દર્શન કરવા.

4) જેટલું મૂર્તિમાં રહેવાય તેટલું દાસત્વપણું આપમેળે વધતું જાય.

5) ગુણ ગાવાથી દાસત્વપણું વધતું જાય.



# દાસ થાવું રે, સૌના દાસ થાવું...

(રાગ : ગિરધારી રે સખી, ગિરધારી...)


દાસ થાવું રે, સૌના દાસ થાવું;
શ્રીજીને રીઝવવા કાજે(૨), દાસના દાસ થાવું...૦ટેક
મહિમા સમજવાથી, સૌના દાસ તો થવાય;
મહારાજના સૌ મુક્તો સમજ્યે(૨), ગુણ તો ગવાય...૦૧
નાના થયા વિના કદી, મોટાઈ ન મળે;
સૌ મોટા હું ન્યૂન સમજે(૨), કામ તો સરે...૦૨
સેવા સૌની કરે રાખો, નીચી ટેલ તણી;
મળે જ ક્યાંથી સેવા મુને(૨), કૃપા થઈ ઘણી...૦૩
નિર્માની થઈ રાજી કરવા, સત્સંગમાં આવ્યો છું;
તપાસવું કે બે ગુણ મળતા(૨), 'હું'કારમાં ફરું છું...૦૪
રાજીપાની ભૂખ જગાવો, સહન સૌનું થાશે;
દાસાનુદાસ થઈ સત્સંગમાં(૨), સુખ બહુ પમાશે...૦૫
મનનું ગમતું મૂકી, સાવ સરળ બનો;
પાણીમાં ધ્રો નમી જાય(૨), તેમ સૌને ગમો...૦૬
અભાવ, અવગુણ, અમહિમાથી, દાસત્વ તો જાય;
ગુણ સૌના લેતાં લેતાં(૨), હર્યાભર્યા થવાય...૦૭
દુભાય કોઈ વાણી-વર્તને, એ તો અભિમાન;
ગર્વગંજન સીધા કરે(૨), શ્રીહરિ ભગવાન...૦૮
નાના મોટા સૌની આગળ, હારી રાજી થાશું;
જીતીને જો ફૂલ્યો ફરે તો(૨), નક્કી લૂંટાઈ જાશું...૦૯
રસબસભાવે મૂર્તિમાં રહેવું, દાસપણું તે કહાવે;
મૂર્તિમાં નિમગ્ન છતાં તે(૨), સૌનો સેવક રહાવે...૧૦

**વિડીઓ કીર્તનનું શ્રવણ કરવા માટે**
**બાજુમાં આપેલ Button પર ક્લિક કરો..**

**વ્હાલા ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રીએ આજ્ઞા કરી છે કે દાસત્વભાવ માસમાં તમામ પરિવારના તમામ સભ્યોએ ભેગા મળીને દરરોજ આ કીર્તનનું ગાન કરવું અને ઓછામાં ઓછા 2 હરિભક્તોના ગુણાનુવાદ કરવા.**

ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી દિવ્યવાણી

# ગુણો જોવા અને લેવા



દિવ્યવાણીનું શ્રવણ કરવા માટે ઉપર
આપેલ મૂર્તિ પર ક્લિક કરવું.






# ડૉક્ટર કહે તેમ કરવાનું...

તા.૧૫-૬-૨૦૧૭ને ગુરુવારના રોજ સવારે ગુરુદેવ પ.પૂ.બાપજીની તબિયત નાદુરસ્ત હતી.(તા.૯-૬-૨૦૧૭ને પૂનમ બાદ વિશેષ અશક્તિ તથા તબિયત નાદુરસ્ત હતી.) આજે સવારે ૧૦ વાગ્યે ગુરુદેવ પ.પૂ.બાપજીની સારવાર માટે ડૉ.મહર્ષિભાઈ આવ્યા હતા.


ડૉ.મહર્ષિભાઈ ગુરુદેવ પ.પૂ.બાપજીને સ્વાસ્થ્ય માટે વિચરણ ઓછું કરવું, સમયસર જમવું, દિવસ દરમ્યાન થોડું ચાલવું. આ રીતે વાત કરતા હતા. સાથે પૂ.સંતો પણ હતા. ડૉક્ટરે કહ્યું, “બાપજી ! આપ દરરોજ સમયસર જમો તો શરીરમાં બહુ કળતર નહિ થાય અને આપ જ્યારે કથા કરો ત્યારે પણ વચ્ચે વિરામ આપો અને જમી લો આવું શિડ્યૂલ ગોઠવો.”

ગુરુદેવ પ.પૂ.બાપજીએ કહ્યું, “કથા ચાલુ હોય, બરાબરનો મુદ્દો હાથ આવ્યો હોય, કથામાં બરાબરનો રંગ આવ્યો હોય તે વખતે ઊઠીએ તો કેવું લાગે ? માટે કથાવાર્તા ચાલુ જ રખાય.”સંતોએ કહ્યું, “બાપજી, આપને ઘણી વિનંતી કરીએ છીએ પરંતુ આપ કથાવાર્તા ચાલુ થાય તે પછી જમવાની ના પાડી દો છો.”હવે ગુરુદેવ પ.પૂ.બાપજીએ કહ્યું, “કથાવાર્તા એ તો અમારી દવા છે. માટે અમે કથાવાર્તા અધૂરી મૂકીને જમાડવા સિવાય બીજી બધી બાબતમાં ડૉક્ટર જેમ કહે તેમ કરશું.”

અનંતના ગુરુ હોવા છતાંય પોતે કેટલા સરળ થઈ વર્તે છે! ડૉક્ટરે કહ્યું તે મુજબ ગુરુદેવ પ.પૂ.બાપજીએ સ્વીકાર્યું કે, ‘અઠવાડિયે-પંદર દિવસે બહાર વિચરણ માટે જઈશું અને હરિભક્તોને અહીં દર્શન-સમાગમ માટે બોલાવવાના. બપોરે તથા રાત્રે સમયસર જમાડીશું તથા દિવસમાં પાંચ વખત સંતઆશ્રમમાં ચાલીશું.' આ પ્રસંગ દરમ્યાન ઘણી વખત બાપજી બોલતા કે, “ડૉક્ટર કહે તેમ કરવાનું.” તેમની વાતને ગુરુદેવ પ.પૂ. બાપજીએ તરત સરળતાથી સ્વીકારી લીધી.

**વાહ ! કેવી દિવ્ય સરળતા ! દાસત્વમૂર્તિ !**

# જ્ઞાનસત્ર : ૧૬



- **તારીખ :** તા. ૨૮ ઓક્ટોબરથી ૧ નવેમ્બર ૨૦૨૨, શુક્રવારથી મંગળવાર
- **તિથિ :** કારતક સુદ ત્રીજથી કારતક સુદ સાતમ
- **દિવ્યવાણી :** વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી
- **સમય :** સવારે ૮થી ૧ ● સાંજે ૫થી ૮

● શુભ સ્થળ ●

SMVS સ્વામિનારાયણ ધામ,
કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર, ૩૮૨૦૦૭.

(૧) જ્ઞાનસત્રના લાભાર્થી માટે અગાઉથી રજિસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. રજિસ્ટ્રેશન સિવાયના સભ્યોને જ્ઞાનસત્રમાં પ્રવેશ મળશે નહીં.

(૨) રજિસ્ટ્રેશન ફોર્મ આપના પરિવાર દીઠ ભરી શકશો. રજિસ્ટ્રેશન ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૨૦/૦૯/૨૦૨૨ છે. માટે સમયસર પોતાના સેન્ટરમાં ફોર્મ ભરી જમા કરાવવા વિનંતી.

# મૂર્તિમાં રસબસ બનવાને,
# વાંચો બાપાશ્રીની વાતો

'આ વર્ષે ચાતુર્માસ દરમિયાન ગુરુજીએ નિયમની એકાદશીના દિવસે સંકલ્પ સભામાં **'બાપાશ્રીની વાતો'**ના બે ભાગ અથવા એક ભાગ પુસ્તકની એકાગ્રતાથી તેમજ મનન સાથે પારાયણ કરવાની આજ્ઞા કરી છે. જેથી તે મુજબ અમલ કરવો અને બુક આપની જોડે ન હોય તો બુકસ્ટોલમાંથી 'બાપાશ્રીની વાતો' પુસ્તક વસાવવું.

